# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રીએ ભારત-ઓમાન વચ્ચે સહયોગને મજબૂત બનાવવા અને વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા ચર્ચા કરી.

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે ગૃહમાં વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) ગેરંટી બિલની પરની ચર્ચાનો જવાબ આપશે.

3) લોકસભાના આજના કાર્યકાળમાં દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં પ્રદૂષણ પર ચર્ચા હાથ ધરાશે.

4) કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું કે OTTની સામગ્રી સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનના અધિકારક્ષેત્રની બહાર

5) બેડમિન્ટનમાં, ભારતની પુરુષ ડબલ્સ જોડી સાત્વિક સાઈરાજ રેડ્ડી અને ચિરાગ શેટ્ટી આજે ઇન્ડોનેશિયાની જોડી સામે ટકરાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MUSCUT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં ઓમાનની બે દિવસની મુલાકાતે ગઈકાલે સાંજે મસ્કત પહોંચ્યા હતા.

શ્રી મોદીનું સ્વાગત ઓમાનના સંરક્ષણ બાબતોના નાયબ પ્રધાનમંત્રી સૈયદ શિહાબ બિન તારિક અલ સૈયદે કર્યું. તેમણે વિવિધ ક્ષેત્રોમાં ભારત-ઓમાન સહયોગને મજબૂત બનાવવા અને વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા પર ચર્ચા કરી.

# SHIVRAJ CHAUHAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે ગૃહમાં વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) ગેરંટી: વિકાસિત ભારત - ગ્રામીણ કલ્યાણ બિલ, 2025 પર ચર્ચાનો જવાબ આપશે. લોકસભામાં ગઈકાલે મોડી રાત સુધી બિલ પર ચર્ચા ચાલી હતી.

નવો કાયદો વીસ વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, 2005ને બદલશે. આ બિલનો ઉદ્દેશ્ય 2047 સુધીમાં વિકસિત ભારત માટે રાષ્ટ્રીય ભવિષ્ય યોજના અનુસાર ગ્રામીણ વિકાસ માળખું સ્થાપિત કરવાનો છે. આ યોજના હેઠળ કામદારોને ચૂકવવામાં આવતા ભંડોળમાં કેન્દ્ર સરકાર 60 ટકા અને રાજ્ય સરકારો 40 ટકા યોગદાન આપશે. પૂર્વોત્તર અને હિમાલયના રાજ્યોમાં, આ ગુણોત્તર 90 અને 10 ટકા રહેશે.

લોકસભામાં વિકાસિત ભારત-જી રામ જી બિલ રજૂ કરતા કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે આ બિલ ગામડાઓમાં વિકાસ

સુનિશ્ચિત કરશે. શ્રી ચૌહાણે કહ્યું કે આ બિલ મહાત્મા ગાંધીના આત્મનિર્ભર, વિકસિત અને ગરીબીમુક્ત ગામડા બનાવવાના વિઝનને પૂર્ણ કરશે.

## બાઇટ: શિવરાજ સિંહ ચૌહાણ

# AAYUSH--WHO

વિશ્વ આરોગ્ય સંગઠન WHOના પરંપરાગત દવા પરના બીજી વૈશ્વિક પરિષદનું ઉદ્ઘાટન ગઈકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે થયું હતું. વિશ્વ આરોગ્ય સંગઠન અને આયુષ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે આયુષ મંત્રી પ્રતાપરાવ જણાવ્યું કે 2016માં શરૂ થયેલ આ સહયોગ વૈશ્વિક સ્તરે પરંપરાગત દવાને આગળ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થયો છે.

## બાઇટ - પ્રતાપરાવ જાધવ

WHOના ડિરેક્ટર-જનરલ ડૉ. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે વિજ્ઞાન અને પરંપરાગત જ્ઞાન અને જીવનના અનુભવો વચ્ચે સેતુ રચવા પર ભાર મૂક્યો.

# PARLIAMENT TODAY'S BUSINESS

લોકસભાના આજના કાર્યકાળમાં દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં પ્રદૂષણ પર ચર્ચા હાથ ધરાશે. નિયમ 193 હેઠળ થનારી આ ચર્ચામાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, કનિમોઝી કરુણાનિધિ અને બાંસુરી સ્વરાજ ભાગ લેશે..

રાજ્યસભામાં, કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ પરમાણુ ઉર્જાનો ટકાઉ ઉપયોગ અને પ્રગતિ ખરડો 2025 વિચારણા માટે રજૂ કરશે અને બિલ પસાર કરવામાં આવશે.

# LOK SABHA-OTT

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું કે OTT મંચ પર રજૂ કરાતી સામગ્રી સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનના અધિકારક્ષેત્રની બહાર રહેશે. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં ડૉ. મુરુગને જણાવ્યું કે OTT સામગ્રી માહિતી ટેકનોલોજી મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા નીતિશાસ્ત્ર સંહિતા નિયમો, 2021ના ભાગ 3ની જોગવાઈઓ હેઠળ નિયંત્રિત થાય છે.

બીજા એક પ્રશ્નના જવાબમાં, ડૉ. મુરુગને જણાવ્યું કે સરકારની નીતિઓનો ઉદ્દેશ્ય મહિલાઓ અને બાળકો સહિત સામગ્રી વપરાશકર્તાઓ માટે સલામત, વિશ્વસનીય અને જવાબદાર ઇન્ટરનેટ સુનિશ્ચિત કરવાનો છે. તેમણે જણાવ્યું કે સરકાર દેશમાં ઇન્ટરનેટ કોઈપણ ગેરકાયદેસર સામગ્રી અથવા માહિતીથી મુક્ત છે તેની ખાતરી કરવા માટે પ્રતિબદ્ધ છે.

# JPC MEETING

એક રાષ્ટ્ર એક ચૂંટણી કાયદા અંગે સંયુક્ત સંસદીય સમિતિની બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં ભાજપના સાંસદ પી.પી. ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ સમિતિ બંધારણ બિલ, 2024 અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા (સુધારા) બિલ, 2024 ની તપાસ કરી રહી છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના પ્રથમ નાયબ મેનેજિંગ ડિરેક્ટર ગીતા ગોપીનાથ અને પ્રધાનમંત્રીના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલે પણ બેઠકમાં ભાગ લીધો હતો અને આ સંદર્ભમાં પોતાના મંતવ્યો શેર કર્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GUJ- SIR

ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા વિતરણ કરાયેલા કુલ 5 કરોડ 8 લાખ ગણતરી ફોર્મમાંથી, 4 કરોડ 34 લાખ ફોર્મ નાગરિકો દ્વારા ભરીને પરત કરવામાં આવ્યા છે.

સાંભળીએ એક અહેવાલ.....

VC-APARNA KHUNT

# IIT-BOMBAY

IIT-બોમ્બેએ કૃત્રિમ બુદ્ધિ-સંચાલિત ડેટા સેન્ટરો માટે અદ્યતન કૂલિંગ સોલ્યુશન્સ વિકસાવવા માટે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન્સ પ્રદાતા VERTIV સાથે ભાગીદારી કરી છે. વધતા થર્મલ પડકારોને પહોંચી વળવા આ સહયોગ સધાયો છે.

ભારતીય વ્યવસાયોમાં AI અપનાવવાની પ્રક્રિયા ઝડપથી વધી રહી છે અને 2025 સુધીમાં ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સનો વીજ વપરાશ ઝડપથી વધવાની અપેક્ષા છે.

IIT-બોમ્બેના ડિરેક્ટર પ્રોફેસર શિરીશ કેદારેએ જણાવ્યું કે, આ ભાગીદારી શૈક્ષણિક સંશોધનને ઉદ્યોગ-સંબંધિત, ભવિષ્ય માટે તૈયાર સોલ્યુશન્સમાં રૂપાંતરિત કરવામાં મદદ કરશે.

# WEATHER

હવામાન વિભાગે ઉત્તર પ્રદેશમાં ખૂબ જ ગાઢ ધુમ્મસને કારણે રેડ એલર્ટ જારી કર્યું છે. હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડના કેટલાક ભાગોમાં શનિવાર સુધી સવારના સમયે ગાઢ ધુમ્મસ રહેવાની ધારણા છે. આગામી બે થી ત્રણ દિવસ સુધી પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરાખંડમાં પણ ધુમ્મસ રહેવાની ધારણા છે. પશ્ચિમ મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડમાં આવતીકાલ સુધી ઠંડીનું મોજું યથાવત રહી શકે છે.

હવામાન વિભાગે આ મહિનાની 23 તારીખ સુધી જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં હળવો વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. આગામી બે દિવસમાં ગુજરાતમાં લઘુત્તમ તાપમાન બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં છે. જેથી દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ જણાવ્યું કે, દિલ્હીના પેટ્રોલ પંપ પર માન્ય પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર વિનાના વાહનોને ઇંધણ આપવામાં આવશે નહીં.

# BADMINTON

બેડમિન્ટનમાં, ભારતની પુરુષ ડબલ્સ જોડી સાત્વિક સાઈરાજ રેડ્ડી અને ચિરાગ શેટ્ટી આજે ઇન્ડોનેશિયાના ફજર આલ્ફિયાન અને મુહમ્મદ શોહિબુલ ફિકરી સામે રમશે. ચીનના હાંગઝોઉમાં યોજાઈ રહેલી BWF વર્લ્ડ ટૂર ફાઇનલ્સની સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે આ મેચ મહત્વપૂર્ણ રહેશે.

ભારતીય જોડીએ ગ્રુપ-Bની પહેલી મેચમાં ચીનના ચાંગ વાંગ અને વેઈ કેંગ લિયાંગ સામે જીત મેળવીને પોતાના અભિયાનની શરૂઆત કરી હતી. સાત્વિક અને ચિરાગે આ મેચ 12-21, 22-20, 21-14થી જીતી હતી.

સાત્વિક સાઈરાજ રેડ્ડી અને ચિરાગ શેટ્ટી BWF વર્લ્ડ ટૂર ફાઇનલ્સ 2025માં ભારતના એકમાત્ર પ્રતિનિધિ છે.

---------------------------------------------------------

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં પહેલી જાન્યુયારીથી સીએનજી પીએનજી સસ્તા થશે, પહેલીવાર ટ્રેન દ્વારા કાશ્મીરમાં શસ્ત્ર સામગ્રી પોંહચી અને સાણંદ – ધોલેરા gidc ની સુરક્ષા માટે હાઈટેક કંટ્રોલ સિસ્ટમ તૈયાર થશે સહિતના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહયા છે.
- સંદેશ લખે છે – મોદી સરકારની ન્યૂ યર ગિફ્ટ - પહેલી જાન્યુયારીથી સીએનજી પીએનજી સસ્તા થશે
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે – પહેલીવાર ટ્રેનથી કાશ્મીર પોંહચ્યો શસ્ત્ર- સરંજામ
- નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે- 2026માં એઆઈ, સેટેલાઇટ આધારિત ટોલ સિસ્ટમ લાગુ થશે
- દિવ્ય ભાસ્કર લખે છે - સાણંદ – ધોલેરા gidc ની સુરક્ષા માટે હાઈટેક કંટ્રોલ સિસ્ટમ તૈયાર થશે , સેમિકંડક્ટર ઈન્ડસ્ટ્રીની સુરક્ષા વધશે.